श्रीमज्जिनेन्द्रमतफुल्लसरोजभृङ्गम् ।
शास्त्रीयतत्त्वशुभमौक्तिकराजहंसम् ॥
विस्तीर्णकीर्तिधवलीकृतदिग्विभागं ।
श्रीलालजित्सुकृतिनं शिरसा नमामि ॥ ४ ॥

ભાવાર્થ:—સર્વ દર્શન તરફ સામ્યભાવથી જોનાર છતાં શ્રીવીતરાગમત–જૈન દર્શનરૂપ પ્રફુલ્લિત કમલ ઉપર ભમરાની માફક મુગ્ધ બનેલ હતા; શાસ્ત્રીય તત્ત્વરૂપ સરસ મોતીને ચણનાર રાજહંસ હતા; વિસ્તાર પામેલ જેની કીર્તિથી દશે દિશાઓ ઉજ્વલ બની હતી; એવા સત્કૃત્યપરાયણ શ્રીલાલજી મહારાજને મસ્તક વડે નમન કરું છું. (૪)

यस्याच्छचुम्बकदृषत्सदृशप्रभावे ।
राकृष्यतेमतिविशारदराजवर्गः ॥
संघ्राप्यते सुमनसा गुणपुष्पवल्लो ।
श्रीलालजिद्यतिवर मनसा नमामि ॥ ५ ॥

ભાવાર્થ:—સ્વચ્છ અને મ્હોટા લોહચુંબકના પત્થરમાં જેમ આરેભ' આરે લોઢાને પણ ખેંચવાની શક્તિ છે તેમ જેના પ્રતાપ-પ્રભાવમાં મ્હોટા માણસોને ખેંચવાની શક્તિ હતી; વળી એજ પ્રતાપવડે સામાન્ય નહિ પણ વિચારશીલ વિદ્વાન્ રાજાઓનો સમુદાય જેના તરફ ખેંચાતો એટલુંજ નહિ પણ તે રાજાઓ જેના ગુણરૂપ ફૂલની વેલડીની સુગંધથી ખુશ થઇને મુક્તકંઠે જેની શ્લાઘા-પ્રશંસા કરતા; એવા યતિઓમાં પ્રધાન શ્રીલાલજી મહારાજને મનોભાવ સાથે નમન કરું છું. (૫)

रोगेण पीडिततनावपि यस्तपस्या-।
दुर्गां समाचरितवान्मनसो बला च ॥
मान्द्यं महत्यपि नापि समाश्रयद्यो ।
बोधादिनित्यनियमे तमहं नमामि ॥ ८ ॥

ભાવાર્થઃ—પગમાં વાનો રોગ અને શરીરમા બીજા કેટલાક રોગ ઘણીવાર પીડાજનક ઉદ્ભવ્યા હતા તોપણ તે પીડાને અને શરીરની નબળાઇને ન ગણકારતાં માત્ર મનોબળ વડે ચાર ચાર આઠ આઠ ઉપવાસ લેખા કરી દેતા; ખુબી તો એ હતી કે એવી મ્હોટી તપસ્યામાં પણ દરરોજ વ્યાખ્યાન આપવું વગેરે નિત્ય નિયમોમાં જરા પણ મંદતા-શિથિલતા આવતી જણાતી ન્હોતી; એવા દૃઢ મનોબળવાળા સમર્થ મહાત્મા શ્રી શ્રીલાલજી મહારાજને વારંવાર નમન કરૂં છું. (૮)



ભાવાર્થ:—આકાશનો સૂર્ય તો બહારના-સ્થૂલ અંધકારના સમૂહને હણવા સમર્થ થાય છે પણ મનુષ્યોની હૃદયભૂમિની અંદર પસરેલ અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરવા સમર્થ નથી; ત્યારે હે ભૂમિના સૂર્ય-પાદવિહારી સૂર્ય રૂપ મુનિવર! આપ તો તાત્વિક બોધ કરાવનાર વીતરાગના વચનદ્વારા બાહ્ય અને આન્તરિક બન્ને પ્રકારની જડતા જનસમૂહમાંથી હરી લો છો-દૂર કરો છો, એ આપની વિશેષતા છે. (૨)

पुन र्वैशिष्ट्यम्.

सामान्यतोऽपि दिवसे दिवसेश्वरस्य ।
सायं पुनर्भुवि तदस्तमुदीरितंस्यम् ॥
दृष्टिंगतो निशिदिनं सकलान्तरस्थो ।
नव्यः प्रताप इह भाति विलक्षणो वै ॥ ३ ॥

ભાવાર્થ:—આકાશવિહારી સૂર્યનો મહિમા માત્ર દિવસના અમુક વખત હોય છે; સવારે ઉદય પામે છે, મધ્યાહ્ને ઉગ્રતમ આવે છે; પણ સાંજ પડે છે કે સૂર્યનું સામ્રાજ્ય અસ્તંગત થઈ આ જમીન ઉપર તો અંધકાર થઈ જાય છે; ત્યારે આપનો પ્રતાપ તો સાત્વિક વૃદ્ધિ પામતો રહીને રહેજ રહી મહિમાનું અભિનવરૂં પણી કરાવે પ્રતીત થાય છે. સૂર્યના સામ્રાજ્ય કરતાં આપનું સામ્રાજ્યની એવ વિલક્ષણ છે. (૩)

विजय लक्ष्मी:

सघाटके मुनिषु सत्सु मह सु नान्ये–।
श्वाचार्यपूज्यपदवीस्वगाश्रिता ते ॥
मन्ये प्रतापतपन [illegible] नवैव ।
दृष्ट्वा प्रशस्तिमनन्तरमि [illegible] जयश्रीः ॥ ४ ॥

ભાવાર્થ — [illegible] શ્રી [illegible]મલજી **મહારાજ** અવસાન સમયે [illegible] પદવીનો **સવાલ ઉપસ્થિ** થયો તે વખતે આપના [illegible] આપના કરતા **ઉમ્મરે અ** પ્રવ[illegible] મુનિવરો [illegible] છતા **આચાર્ય–પૂજ્ય પદ** આપના [illegible] વર્તી [illegible] તે **એમ જણાય છે** આપના પ્રતાપ [illegible] હતો તે **જોઈનેજ વિજ** લક્ષ્મી આપના ઉપર પ્રસન્ન થઇ (૪)

साम्राज्यतारुण्यप्रदर्शनम्–

वैज्ञानिकाः पदविभूषितपण्डिताश्च ।
[illegible] पुरातनता [illegible] महान्तः ॥
सन्मानदर्शि [illegible]पुर सरं त्वां ।
[illegible] ॥ ५ ॥

ભાવાર્થ —નવીન દેશનીવાળા વિદ્વાનો **અને આચાર્ય ત્રી** આદિ પદવીથી વિભૂષિત થએલ પંડિતો, **નવા જમાનાના સંસ્** [illegible] અને પુરાતન પદ્ધતિને **માન આપનારા વૃ** તેમજ મ્હોટા રાજવ્યો [illegible] રીતે દ્રઢભક્તિ **પૂર્વક આપ** **માન** આપે છે અને [illegible] આપના **સત્કાર–સેવા બજાવે છે એ** [illegible] આપના [illegible] **કાલનો મહિમા છે. (૫)**

सौराष्ट्रिका निजमताग्रहिणोपि सन्तो ।
भूत्वा दवाङ् घ्रिजचुम्बनचञ्चरीकाः ॥
त्वां भेजिरेऽतिशयिनं प्रबलप्रतापं ।
मध्याह्नकालमहिमैव धरारवेस्ते ॥ ६ ॥

ભાવાર્થઃ—જ્યારે આપ કાઠીયાવાડમાં પધાર્યા ત્યારે જુદા જુદા સંપ્રદાયના સાધુ સાધ્વીઓ પૈકી ઘણા ખરા તો પહેલેજ સમાગમે આપની વિદ્વતા અને અને આપના ચારિત્રને પૂરતી રીતે માન આપતા. પણ જેઓ કંઇક મતાગ્રહી હતા તે પણ આપના થોડા સહવાસ અને પરિચય પછી તો મતાગ્રહને મુકી આપના ચરણ કમળનું ચુંબન કરવામાં ભ્રમર જેવા બની, આચાર્યના અતિશય યુક્ત અને પ્રબળ પ્રૌઢ પ્રતાપવાળા એવા આપની સેવામાં તત્પર થઇ રહ્યા એ પણ જમીનના સૂર્યરૂપ આપના મધ્યાહ્નકાળનો મહિમાજ સમજવો. (૬)

दत्वागमस्त्वय महत्स्वपरेषु तत्र ।
विद्वत्सु सत्स्वपि च तावकमेव बोधम् ॥
श्रोतुं रता मुनिजना गृहिणश्च सर्वे ।
मध्याह्नकालमहिमैव धरारवेस्ते ॥ ७ ॥

ભાવાર્થઃ—આપના પ્રતાપની ખુબી તો એ હતી કે આ ભૂમિ-કાઠીયાવાડ ભૂમિમાં આપ જ્યાં જ્યાં પધાર્યા તે ગામમાં આપનાથી પ્રવજ્યા અને ઉમરે મોટા એવા વિદ્વાન મુનિઓ બીરાજતા હતા છતાં બીજા કોઇ વ્યાખ્યાન ન વાંચતાં માત્ર આપની સમક્ષ એકજ સભામાં તમામ સાધુઓ, શ્રાવકો તેમજ ઇતર વર્ગના લોકો

આપનું વ્યાખ્યાન સાંભળવાને ઉત્સુક થતા હતા અને પાસેજ વ્યાખ્યાન વંચાવતા હતા; તેમાં લેશ માત્ર પ મુનિના મનમાં એમ ન આવતુ કે અમારા સેવકો અમાર આપને કેમ વધારે માન આપે. આ પણ જમીનના સૂક્ષ્મરૂપ મધ્યાહ્નકાલનો મહિમા સમજવો જોઇએ. (૭)

येनैकदापि तव वाक्श्रवणीकृता वा।
दृष्टं सकृत्तव सुभव्यमुखारविन्दम्॥
आजीवनं मनसि तस्य छविस्त्वदीया।
लग्ना विभाति महिमैष तवैव मूर्तेः ॥८॥

ભાવાર્થ.—જે માણસે એક વાર પણ આપની સાંભળી છે અથવા એકવાર પણ આપના રમણિક મુખા દર્શન કર્યા છે તે માણસના મનરૂપી પ્લેટ ઉપર આપના ર જાણે ફોટો પડી ગયો હોયની અને તે તેના જીવન પર્યંત ન જતા કાયમ રહેવાનો હોયની તેમ લાગે છે. લેખકને આ અનુભવ છે કે [illegible] પરિચયમા આવેલ માણસો પુન આપને યાદ કરે છે અને દર્શનની આતુરતા રાખે છે; [illegible] પની [illegible] અદ્ભુત મહિમા છે.



अस्मदीय रत्नम्

विरहाष्टकम्

उपजाति वृत्तम्.

चिन्तामणिर्यत्तुलनां न धत्ते ।
यन्मूल्यकं पार्श्वमणिर्न दत्ते ॥
एतादृशं जङ्गमरत्नमेकं ।
प्रसिद्धिमाप्तं मरुसाधुवर्गे ॥ १ ॥

ભાવાર્થ:—ચિંતામણિ રત્ન જેની બરાબરી ન કરે અને પાર્શ્વમણિ પણ કિંમતમાં જેનો મુકાબલો ન કરી શકે એવું જંગમ એટલે હાલતું ચાલતું રત્ન અમારા મારવાડ તરફના સાધુ-સમુદાયમાંથી પ્રસિદ્ધિ—જાહેરાતમાં આવ્યું. (૧)

श्रीहालजितस्य च नामधेयं
दृष्टं मया प्राक् पुरवङ्कनेरे ॥
तद्दर्शनं तत्र च पक्षमात्रं ।
लब्धं महाभाग्यवशेन नूनम् ॥ २ ॥

ભાવાર્થ:—તે નર રત્ન-મુનિરત્નનું નામ હવે ક્યાંય પણ અજાણ્યું રહ્યું નથી, તો પણ કહેવું જોઇએ કે તેનું નામ હીર-લાલજી યા શ્રીહાલજિત્ હતું. આ લેખકને માત્ર તેના નામનોજ પરિચય નહિં પણ સંવત્ ૧૯૬૮ ના પ્રથમ આષાઢ માસમાં શ્રી વાંકાનેર શહેરમાં સાક્ષાત્ દર્શનથી પણ પરિચય થયો હતો. જો કે ત્યાં તેમનું દર્શન માત્ર એક પખવાડીયા સુધીજ મળ્યું હતું. તેટલા વખતના દર્શનની પ્રાપ્તિ થઇ એ પણ મહા ભાગ્યનો ઉદય ગણાય. (૨)

ભાવાર્થ:—અરેરે! જેની પ્રકૃતિમાં કોઇ પણ જાતનો વિકાર નહિ અને જેના ચારિત્રમાં કોઇ જાતનું દૂષણ નહિ એવું અમારૂં એક જંગમ રત્ન કે જે જૈન સમાજને દીપાવનાર પ્રાણ હતું તેને કોણ ચોરી ગયું !! અરે જેનાથી આખી પૃથ્વી અલંકૃત થયેલી છે એવું અમારૂં ઉત્તમોત્તમ રત્ન આ પૃથ્વી ઉપરથી ક્યાં ગુમ થઈ ગયું ! (૪)

उपजाति वृत्तम्

भ्रान्त्वार्य भूखण्डकग्रामधामः ।
स्थले स्थले रत्नमिदं महार्घम् ॥
न दृश्यते क्वापि तदस्मदीयं ।
न चापि तत्तुल्यमथापरं हा ! ॥ ५ ॥

ભાવાર્થ:—આર્યાવર્તમાં દેશોદેશ, ગામોગામ અને ઠેકાણે ઠેકાણે ફરીને આ કિંમતી રત્નને મેળવવા જોઈએ છીએ, તપાસી તપાસી જોઈએ છીએ પણ તે અમારૂં અમૂલ્ય જવાહીર ક્યાંય પણ જોવામાં આવતું નથી. ખેદનો વિષય એ છે કે તેની તુલના કરી શકે તેવું પણ ક્યાંય જોવામાં નથી આવતું. (૫)

कस्मात्तदुल्यपरं न !
क्वेदं हि सुन्दरमद्वितीयं ।
मनुष्यकं कान्ततरं विशुद्धम् ॥
समन्दमानन्दकरं विरदं ।
मुक्तैकरत्नं हि मदस्मदीयम् ॥ ६ ॥

ભાવાર્થ—તે અમારૂં ઝવાહીર લૌકિક નહિ પણું લોકોત્તર હતું, સ્ફટિકમાં સ્ફટિક અને જોડી વગરનું અર્થાત તેની સરખામણીમાં બીજું કોઈ ઉપમ ન્દે તેમ ન હોવાથી તે એકજ હતું, તેનામાં કંઈ ઉણપ કે ખાની નહોતી, અતિશય મનોદ્રવ અને દૂષણ રહિત વિશુદ્ધ હતું તેનું તેજ ક્યારે પણ પણ મંદ પડતું નહિ, સર્વ કોઈને આનંદનું સ્થાન હતું. વિપત્તિને વીએરનાર ખરેખર તે સમાજના પુણ્યોદયેજ અત્રે પ્રાપ્ત થયેલું હતું. (૬)

प्रश्न.

स्यात् न योग्यः किमु मर्त्यलोकः ।
स्वर्गे ऽथवावश्यकतास्य जाता ॥
क्लेशः स्वपक्षे ऽरुचिकारणं किं ।
कस्मात्तत स्वर्गसुधा विहाय ? ॥ ७ ॥

ભાવાર્થ—શું તે ઝવાહીરને રહેવા માટે આ મર્ત્યલોક-મનુષ્યલોક ઉચિત નથી? અથવા સ્વર્ગ લોકમાં તેની વધારે જરૂર પડી તેથી શું તેને ત્યાં કોઈ ઉપાડી ગયું? અથવા અહીં ચાલતે સાંપ્રદાયિક ક્લેશ તેમને ખરી પડવાની અરૂચિનું કારણ થઇ પડ્યો? શા માટે તે આ પૃથ્વી ઉપર કયાય ન રહેતાં સ્વર્ગલોકમાં ચાલ્યું જાય? (૭)

दिव्यं प्रत्युत्तरम्

हृतं न केनापि वृथाऽत्र शोचः ।
प्राप्तुं न शक्यं पृथिवीतले ऽस्मिन् ॥
गतं स्वयं तत् खलु दिव्यलोकं ।
प्रयोजनं किं तदहं न जाने ॥ ८ ॥

ભાવાર્થ:—ઓ માનવો! તમારૂં તે અમૂલ્ય રત્ન પૃથ્વી ઉપર કોઇએ ચોરી લીધું નથી તેથી તેની શોધ કર પ્રયત્ન વૃથા—નિષ્ફલ છે. આ પૃથ્વીની સપાટી ઉપર હવે તેટલી શોધ કરશો તો પણ તે કયાંય મળવાનું નથી. તે દિવ્યલોક-સ્વર્ગ તરફ પ્રયાણ કરી ગયું છે. "શા માટે" એમ પૂછશો તો મારાથી ઉત્તર નહિ અપાય કારણ કે હું તે ૦ વધારે જાણતો નથી. (૮)



પડેલા મનુષ્યને તેમાંથી બહાર નીકળવા માટે માર્ગ બતા
ભોમિયાની જરૂર છે તેવીજ રીતે આ સંસારરૂપ વિકટ અટ
પાર પામી મોક્ષ નગરે પહોંચવા માટે પણ કોઇ સન્માર્ગદ
ભોમિયાની આવશ્યકતા છે. એટલા માટે જે મહાન્ પુરૂષો
માર્ગના જ્ઞાતા છે તેમનું આલંબન લેવું, તેમની આજ્ઞાને અ
રવું અને તેમને પગલે પગલે ચાલવું એ ઉત્તમ ઉપાય છે.

આવા મહા પુરૂષો પ્રત્યેક યુગમાં ઉત્પન્ન થયાં કરે છે
નાદિ કાળની વિશ્વવ્યવસ્થાજ એવા પ્રકારની છે કે જ્યારે જ્યારે
ા પુરૂષોની આવશ્યકતા હોય છે ત્યારે ત્યારે તેમનો પ્રાદુર્ભાવ
થયાં કરે છે. તેઓ સંસારની ક્ષુદ્ર વાસનાઓનો ત્યાગ કરી તે મહાપુરૂ-
ષની ઉત્પત્તિ સમયે જગત્ જે સ્થિતિમાં હોય તેના કરતાં તેને વધારે
ઉચ્ચતર સ્થિતિમાં લઇ જવા માટે કેવળ નિષ્કામવૃત્તિથી પ્રયત્ન-
શીલ રહે છે, તેમની સર્વ વિભૂતિઓ પરોપકારાર્થેજ હોય છે,
ગત્ના કલ્યાણ માટે આત્મસમર્પણ કરવા તેઓ સર્વદા તત્પર
હે છે, અને કર્તવ્યપાલનમાં પ્રાણની પણ પરવા કરતા નથી.
મના આચારવિચારો, એમની નીતિરીતિઓ અને એમના
નના નાના મોટા દરેક બનાવો ધ્રુવના તારાની પેઠે આપણ-
સંસારસાગરમાં આપણી જીવન નૌકા ચલાવવા દિશા બતાવ-
થઇ પડે છે.

ઉપર્યુક્ત મહાત્માઓ પૈકી જેઓ રાગદ્વેષનાં બંધનથી સર્વથા
થાય છે, આત્માના મૂળ ગુણોને રોકી રાખનારા મોહ મમ-
પરદાઓને ચીરી નાંખે છે, જ્ઞાનાવરણીયાદિ ચાર ઘાતિ
સર્વથા ક્ષય કરી આત્મામાં રહેલા અનંત જ્ઞાન, અનંત

શ્રીમહાવીરપ્રભુનો જન્મ આજથી ૨૫૨૦ વર્ષ પહેલાં (ઈ. સ. પૂર્વે ૫૯૯ માં) પૂર્વમાં આવેલા બિહારના કુંડપુર નગરના †ક્ષત્રિય-કુલભૂષણ જ્ઞાતવંશી, કાશ્યપગોત્રી સિદ્ધાર્થ રાજાને ત્યાં થયો હતો. તેમની માતાનું નામ * ત્રિશલા દેવી હતું. પ્રભુ ગર્ભમાં હતા ત્યાર-થી જ સિદ્ધાર્થ રાજાના રાજ્ય વિસ્તાર તથા ધનધાન્યાદિના ભં-ડારમાં અણધારી અભિવૃદ્ધિ થવા માંડી હતી. આથી પુત્રનો જન્મ થતાં તેનું શ્રી વર્ધમાન એવું નામ આપ્યું હતું. પાછળથી પોતાના અદ્ભુત પરાક્રમોને લીધે તેઓ શ્રી મહાવીરના નામથી વિશ્વમાં વિખ્યાતિ પામ્યા છે. અનંત પુણ્યના ઉદયથી તીર્થંકરપણું પ્રાપ્ત થાય છે. પુણ્ય અર્થાત્ શુભકર્મનાં પુદ્ગલોમાં શુભ પુદ્ગલોને આકર્ષવાનું અતુલ સામર્થ્ય હોય છે. તેથી તીર્થંકરોની શરીરસંપદા, વાણીવિભવ અને મનોબળ આદિ અસાધારણ હોય છે.

યૌવનવય પ્રાપ્ત થયે યશોમતી નામે એક સદ્ગુણવતી અને સુંદર રાજકન્યા સાથે શ્રી મહાવીર-નો વિવાહ કરવામાં આવ્યો. તેમ-નાથી પ્રિયદર્શના નામે એક પુત્રી ઉત્પન્ન થઈ. સંસારમાં રહ્યા છતાં

† સર્વ તીર્થંકરો ક્ષત્રિયકુળમાંજ ઉત્પન્ન થાય અને રાજ્યવૈભવ છોડી જગત્નો ઉદ્ધાર કરવા સંયમ લે છે.

* ત્રિશલાદેવી સિંધુ દેશના મહારાજા ચેટક (ચેડા)-ની જ્યેષ્ઠ પુત્રી હતાં. તેમનું અપરનામ પ્રિયકારિણી હતું. તેમનાં બહેન ચેલણા, મગધ દેશના અધિપતિ રાજગૃહી નગરીના મહારાજા શ્રેણિક (જે ભારતીય ઈતિહાસમાં બિંબિસારને નામે મશહુર છે) તેની પટરાણી હતાં.

ઘુ થઈ, સંગમ દેવતા વગેરે તરફથી અનેક પરિસહો તથા
ર્ય દેશના તેમના વિહાર પ્રસંગે અનાર્ય લોકોએ આપેલા
સર્ગોનું વર્ણન સાંભળતાં રોમાંચ ખડાં થાય તેમ છે.

પરંતુ ક્ષમાના સાગર શ્રી મહાવીર પ્રભુ તો એવા વિષમ
ગોને પણ કર્મના ક્ષયનું કારણ જાણી આનંદપૂર્વક વધાવી
હતા. ઉપસર્ગ કર્તાનું પણ ભલું ચાહતા અથવા પ્રેમને માર્ગે તેને
. ગોશાળાએ તેમના પર તેજોલેશ્યા મૂકી છતાં પ્રભુએ તેને
ધ આપી સ્વર્ગે પહોંચાડ્યો. ચંડકૌશિક નાગ તેમને ડંખ્યો
તેને જાતિસ્મરણ જ્ઞાન ઉપજાવી સ્વર્ગનો અધિકારી બનાવ્યો.

પ્રભુએ કરેલી ઘોર તપશ્ચર્યાનું વર્ણન પણ અદ્ભુત
તેવું છે. ઘણીવાર તેઓ ચાર ચાર અને છ છ માસ
નિરાહાર રહી કાયોત્સર્ગ ધ્યાને રહેતા. આવી રીતે
નો મૂર્છાભાવ છોડી, ઇચ્છાઓનો નિરોધ કરી, ઇન્દ્રિયોનાં
ની આસક્તિ દૂર કરી, આત્મભાવમાં એકરૂપે
વર્ષ અને ૬॥ માસ વીત્યા. છદ્મસ્થાવસ્થાના એકંદર
ધ્યાન તેમણે ફક્ત ૩૪૯ દિવસ આહાર લીધો હતો.

રીતે તપતા પ્રચંડ દાવાનળ વડે કર્મ કાષ્ઠને દહન
શુક્લધ્યાન ધ્યાતાં ચાર ઘાતીકર્મનો સર્વથા ક્ષય કરી,
ે કાળથી ઢંકાઈ રહેલી કેવળજ્યોતિ પ્રગટ કરી
િત અને સર્વદર્શી થયા. લોકાલોકને હસ્તામલકવત્
આજપર્યંત પ્રભુ પ્રાયઃ મૌન સેવતા હતા, તે

...ાના નિવારણાર્થે પ્રભુ પાસે આવ્યા. તેમની શંકા નિવૃત્ત ... તત્ત્વાવબોધ થતાં તેઓ પ્રભુના શિષ્ય થયા. પ્રભુએ ... ચારિત્રમુકુટ પહેરાવ્યો, ત્રિપદી વિદ્યા આપી, અને ...ર પદ આપ્યું. એ અગિયાર બ્રાહ્મણ ધર્માચાર્યોની સાથે ... ૪૪૦૦ શિષ્યોએ પણ પ્રભુ પાસે દીક્ષા લીધી. શ્રીમહાવીર ..., સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ચાર તીર્થની ...ના કરી. દેશોદેશ વિચરી ધર્મોપદેશદ્વારા ઘણા જીવોને ...ાર્યા. અનેક રાજા મહારાજાઓ પ્રભુના શિષ્ય થયા. મગધ ... રાજા શ્રેણિક તથા તેનો પુત્ર કોણિક એ મહાવીરપ્રભુના ...ભક્ત હતા. આ સિવાય ચેટક, ચંડપ્રદ્યોત, ઉદાયન, નંદીવ-...દશાર્ણભદ્ર, *જિતશત્રુરાજા, શંખરાજા, વિજયરાજા તથા પાવા-...ના હસ્તિપાલ રાજા વગેરે ઘણા રાજાઓએ શ્રી વીર પ્રભુની ... વાણી શ્રવણ કરી જૈનધર્મ અંગીકાર કર્યો હતો. પ્રભુ ત્રીશ ...સુધી કેવળીપણે પૃથ્વીને પાવન કરતા થકા વિચર્યા ઘણા ...ને સંસાર સમુદ્રથી તાર્યા. છેલ્લું ચાતુર્માસ પ્રભુએ પાવાપુરી ...માં કર્યું હતું. ત્યાં હસ્તીપાલ રાજાની પુરાણી રાજસભામાં ...દિવસનું અનશન કરી પ્રભુ ઉત્તરાધ્યયન સૂત્ર ફરમાવતા હતા ...ક રાજાઓ વગેરે પણ છઠ પૌષા કરી પ્રભુની વાણી શ્રવણ ... હતાં એ સ્થિતિમાં આસો માસની અમાવાસ્યાની રાત્રિએ ...ના પાછલે પહોરે ચાર કર્મોનો ક્ષય કરી ૭૨ વર્ષનું આયુષ્ય ભોગવી ... નિર્વાણ-મોક્ષ પધાર્યા-શાશ્વત સિદ્ધિને વર્યા.

---

* જિતશત્રુ-એ કલિંગ દેશના [illegible] મહારાજ હતા અને તેમને ... સિદ્ધાર્થ રાજાની બહેનનાં લગ્ન થયાં હતાં.

સ્ત્રીઓને જંબુએ પ્રથમ રાત્રિએજ દીક્ષા લેવાનો પોતાનો અભિપ્રાય દર્શાવ્યો. પતિ અને પત્નીઓ વચ્ચે વૈરાગ્ય અને શૃંગાર વિષયક બહુ રસમય સંવાદ શરૂ થયો. એવામાં પ્રભવ નામે એક રાજપુત્ર કે જે પોતાને રાજગાદી ન મળવાથી લુંટારાનો ધંધો કરતો હતો તે ૫૦૦ ચોર સહિત જંબુના ગૃહમાં પ્રવેશ્યો. ચોરીનું પાપી કામ કરતાં જંબુનાં વૈરાગ્યમય વચનામૃતો તેના કાને અથડાયાં. તેને પોતાનાં અપકૃત્યો માટે પશ્ચાતાપ થવા લાગ્યો અને વૈરાગ્ય ઉત્પન્ન થયો. આઠે સ્ત્રીઓ પણ સંવાદમાં પતિથી પરાજય પામી વૈરાગ્ય રંગમાં તરબોળ થઇ ગઇ હતી. તેમણે તથા પ્રભવાદિક ૫૦ ચોરોએ સંસાર પરિત્યાગ કરી સુધર્માસ્વામી પાસે દીક્ષા લીધી. આ વખતે જંબુની વય માત્ર ૧૬ વર્ષની હતી. જંબુસ્વામીને તત્ત્વબોધ થવા માટે શ્રી મહાવીરે અર્થરૂપ પ્રકાશેલી અનંત ભાવભેદમય વાણીમાંથી શ્રી સુધર્માસ્વામીએ દ્વાદશ અંગ અને ઉપાંગની યોજના કરી. વર્તમાન સમયે શ્રી આચારાંગાદિ જે જિનાગમ છે તે ગણધર શ્રી સુધર્માસ્વામીનાં ગુંથેલા છે. પ્રભુના નિર્વાણ પછી ૧૨મે વરસે સુધર્માસ્વામીને કેવળ જ્ઞાન ઉપજ્યું અને ૨૦મે વરસે ૧૦૦ વર્ષનું આયુષ્ય ભોગવી તેઓ મોક્ષ સીધાવ્યા.

૨ જંબુસ્વામી–શ્રીસુધર્માસ્વામી પછી શ્રી જંબુસ્વામી પટોધર થયા. શ્રી વીર પછી ૨૦મે વર્ષે તેમને કેવળજ્ઞાન ઉપજ્યું અને ૬૪મે વર્ષે ૮૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી તેઓ મોક્ષ પધાર્યા. શ્રી જંબુસ્વામી પછી ભરતક્ષેત્રમાંથી દશ વસ્તુઓ વિચ્છેદ ગઇ. ૧ કેવળજ્ઞાન, ૨. મનઃપર્યવજ્ઞાન, ૩ પરમાવધિ જ્ઞાન, ૪ પુલાક લબ્ધિ, ૫ આ-

સ્વામી ચૌદ પૂર્વધારી થયા અને સંભૂતિવિજય સ્વામી પછી તેઓ આચાર્ય થયા. વરાહમિહિરને આથી ઇર્ષા થઈ અને જૈન દીક્ષા છોડી જ્યોતિર્વિદ્યાના બળથી તેઓ લોકોમાં પ્રસિદ્ધિ પામ્યા. તેમણે વરાહસંહિતા નામે એક જ્યોતિષશાસ્ત્ર બનાવ્યું છે. એવું કહેવાય છે કે તેઓ તાપસ થઈ અજ્ઞાન તપ તપી મરીને વ્યંતર દેવતા થયા હતા અને જૈનોને ઉપદ્રવ કરવા માટે મહામારીનો રોગ ફેલાવ્યો હતો તે ઉપસર્ગની શાન્તિ માટે ભદ્રબાહુ સ્વામીએ ઉવસગ્ગહર સ્તોત્ર રચ્યું અને તેના પ્રભાવે ઉપદ્રવ શમ્યો હતો. ઇતિહાસ પ્રસિદ્ધ મૌર્યવંશીય * ચંદ્રગુપ્ત રાજા ભદ્રબાહુ સ્વામીનો પરમ ભક્ત હતો.

---

* શ્રેણિક રાજાનો પૌત્ર ઉદાયિ અપુત્ર મરણ પામ્યા પછી પાટલીપુત્રની ગાદી એક નાઈ (હજામ)ના નંદ નામના પુત્રને મળી હતી એ રાજાને કલ્પક નામે મંત્રી હતો. અનુક્રમે નંદના વંશના નવ રાજા થયા અને તેમના પ્રધાનો પણ કલ્પકના વંશજો થયા. છેલ્લા (નવમા) નંદને ચાણાક્ય નામના બ્રાહ્મણની સહાયતાથી ચંદ્રગુપ્તે હરાવ્યો, તેથી તે પાટલીપુત્રનો રાજા થયો. નંદના વંશજોએ ૧૫૫ વર્ષ રાજ્ય કર્યું હતું. ચંદ્રગુપ્ત રાજા જૈની હતો તેથી ધર્મદ્વેષને લીધે મુદ્રારાક્ષસ આદિ ગ્રન્થોમાં તેને શૂદ્ર જાતિનો ઠરાવવા આવ્યો છે. પરંતુ ક્ષત્રિય- ઉપાસકી મહાત્માએ અનેક આધાર પ્રમાણોદ્વારા એ સિદ્ધ કર્યું છે કે ચંદ્રગુપ્ત શુદ્ધ મૌર્યવંશીય ક્ષત્રિય હતો.

ર્યો. અને ઠેકઠેકાણે ઉપદેશકો મોકલી ધર્મગ્રંથોની પવિત્ર ઉપદેશનો પ્રચાર કર્યો. પોતાના રાજ્યમાં અમારિપડહ (અમર પડો) વજડાવ્યો. અનાર્ય દેશમાં પણ ગુપ્ત ઉપદેશકો મોકલી લોકોને અહિંસાધર્મના પ્રેમી બનાવ્યા.

એક વખત આર્ય સુહસ્તિસૂરિ ઉજ્જયિનીમાં આવ્યા અને ભદ્રા શેઠાણીની અશ્વશાળામાં ઉતર્યા. ભદ્રાને અવંતીસુકુમાર નામે એક મહા તેજસ્વી પુત્ર હતો. તે પોતાની બત્રીસ સ્ત્રીઓ સહિત મહેલમાં દેવતાઈ સુખ ભોગવતો હતો. એક વખતે આચાર્ય મહારાજ પ્રથમ દેવલોકના નલિનીગુલ્મ વિમાનનો અધિકાર વર્ણવતા હતા. તે સાંભળી અવંતિસુકુમાર વિચારવા લાગ્યો કે પૂર્વે મેં આવી રચના કયાંક જોઈ છે. ઉહાપોહ કરતાં તેને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. માતાની આજ્ઞા લઈ આચાર્ય સમીપે દીક્ષા લીધી. ઘણા કાળપર્યંત ચારિત્ર પાળવા ઈચ્છા ન થઈ તેથી ગુરુને અરજ કરી કે આપની આજ્ઞા હોય તો અનશન કરી આ દેહ છોડું. ગુરુની આજ્ઞા મળતાં સ્મશાન ભૂમિમાં જઈ કાઉસગ્ગ ધ્યાનમાં સ્થિર થયા. રસ્તામાં કાંટા કાંકરા વગેરે વાગવાથી સુકુમાર શરીરમાંથી લોહીની ધારા વહેતી હતી. તે રુધિર ચાટતી એક ભૂખી શિયાળણ બચ્ચાં સહિત ત્યાં આવી અને તેમના શરીરનું ભક્ષણ કરવા લાગી. ધ્યાનસ્થ મુનિ સમભાવે રહ્યા. એ પ્રમાણે શુભ ધ્યાનમાં કાળ કરી નલિનીગુલ્મ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. દૃઢ મનોબળવાળો મનુષ્ય શું નથી કરી શકતો? એક પહોરમાં

આ નાશ્રાભાગમાં અને ઉપરાઉપર પડેલા દુષ્કાળને કારણે લખાયું એટલું પણ પુરું જળવાયું નહિ જેથી સૂત્રોની સંકલના છિન્નભિન્ન થઇ ગઇ. અધુરામાં પુરૂં બૌદ્ધ લોકોએ પ્રતિપક્ષી અની જૈન શાસનનો સમુચ્છેદ કરવા કોશીશો ચાલુ કરી. આવા કારણોને લઇ શ્રી ભદ્રબાહુસ્વામી પછી વિક્રમના આઠમા સૈકા સુધીમાં ઘણા જૈન વિદ્વાનો થયા છતાં તેમની કૃતિઓ હાથ આવતી નથી.

દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણની પાટે અનુક્રમે ૨૮ વીરભદ્ર, ૨૯ સંકરભદ્ર, ૩૦ યશોભદ્ર, ૩૧ વીરસેન, ૩૨ વીરસંગ્રામ, ૩૩ જિનસેન, ૩૪ હરિસેન, ૩૫ જયસેન, ૩૬ જગમાલ, ૩૭ દેવઋષિ ૩૮ ભીમઋષિ, ૩૯ કર્મઋષિ, ૪૦ રાજઋષિ, ૪૧ દેવસેન, ૪૨ સંકરસેન, ૪૩ લક્ષ્મીલાભ, ૪૪ રામઋષિ, ૪૫ પદ્મસૂરિ, ૪૬ હરિસ્વામી, ૪૭ કુશલદત્ત, ૪૮ ઉવનીઋષિ, ૪૯ જયસેન, ૫૦ વિજયઋષિ, ૫૧ દેવસેન, ૫૨ સૂરસેન, ૫૩ મહાસુરસેન, ૫૪ મહાસેન, ૫૫ જયરાજ, ૫૬ ગજસેન, ૫૭ મિશ્રસેન, ૫૮ જયસિંહ, ૫૯ શિવરાજજી, ૬૦ લાલજીઋષિ અને ૬૧ જ્ઞાનજીઋષિ થયા.

મહાવીર પ્રભુથી દેવર્દ્ધિગણિજી સુધીનાં ૧૦૦૦ વર્ષ દરમિયાન વીરશાસનરૂપ સૂર્ય પોતાનો દિવ્ય પ્રકાશ વિશ્વમાં વિસ્તારી રહ્યો હતો, પરંતુ તે પછીના જ્ઞાનજીઋષિ સુધીનાં બીજાં ૧૦૦૦ વર્ષ દરમ્યાન એ પ્રકાશ ધીમે ધીમે ઝંખો પડતો ગયો, અને જ્ઞાનજીના સમયમાં તો જૈનદર્શનની જ્યોતિ છેક ઝંખી પડી ગઇ હતી. નિરંકુશ અને માનના ભૂખ્યા સાધુઓની ઉત્સૂત્ર

આધાકર્મી આહાર ભોગવનારાઓની સાથે અટન કરવું,
ાદા ચડાવવા, ઉત્સવો કરવા, નાચ નચાવવા ઇત્યાદિ પ્રવૃત્તિ-
ા શ્રેષ્ઠ અને અગ્રેસર થવામાં યતિઓ પોતાનું કર્તવ્ય
વા લાગ્યા. ટુંકામાં કહીએ તો આ સમયે સાધુવર્ગમાંથી ચારિત્ર
નો લોપ થવા લાગ્યો હતો, અને શ્રાવક સમુદાય કર્તવ્યની
ા ભૂલી તેમની પાછળ અવળે રસ્તે દોરવાતો હતો. જ્ઞાનઋ-
ષિના સમયમાં જૈનધર્મની પરિસ્થિતિ આ પ્રમાણે હતી.

આમ છતાં વીરશાસન કેવળ સાધુવિહુણું કદી પણ નહોતું
ં. અનુયાયીઓની અલ્પ સંખ્યા ધરાવતા સાધુઓ અલ્પ
ખ્યામાં સર્વ કાળમાં વિદ્યમાન તો હતાજ. જ્યારે જ્યારે
ધકાર ઘણો વધી જતો ત્યારે કોઇનેકોઇ મહાપુરૂષ ઉત્પન્ન
તો અને જૈનપ્રજાને સન્માર્ગમાં દોરતો.

જૈનશાસનની ઝાંખી પડતી જ્યોતિને વિશેષ ઉદ્યોતકર
નાર અનેક નવયુગપ્રવર્તક સમર્થ મહાત્માઓ આ બે હજાર
ર્ષ દરમ્યાન ઉત્પન્ન થઇ ચુક્યા હતા.

જ્ઞાનઋષિના સમયમાં પણ એવા એક ધર્મસુધારક મહા-
ુરૂષની અત્યંત આવશ્યકતા ઉભી થઇ હતી કે જે સાધુ વર્ગ-
માંથી ઉપર કહેલા સડાઓને દૂર કરી સત્યનો પ્રકાશ કરે અને
જૈનસમાજમાં વધી પડેલા વ્હેમો અને ખોટી માન્યતાઓને
ાબુદ કરે. ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે ધર્મમાં જ્યારે
જ્યારે અંધાધુંધી વધી પડે છે ત્યારે ત્યારે કોઇને કોઇ વીર-
ર પૃથ્વીપર પ્રકટી તેનો પુનરૂદ્ધાર કરે છે. આવીજ રીતે પંદરમા
ૈકામાં એવો એક મહાન્ ધર્મસુધારક ગુજરાતના પાયતખ્ત

જુદા દેશના શ્રીમંત આગેવાન શ્રાવકો મોટી સંખ્યામાં તેમ અનુયાયી થયા. કેવળ શ્રાવકોજ નહિ, કિન્તુ કેટલાક યતિઓ પણ તેમના સદુપદેશની અસરથી શાસ્ત્રાનુસાર અણગાર ધ આરાધવાની તત્પરતા બતાવી. પોતે વૃદ્ધ હોવાથી દીક્ષા લઈ શક્યા. પરંતુ ભાણજી આદિ ૪૫ ભવ્ય જીવોને તેમણે દીક્ષ અપાવી તેમની સહાયતાથી લોંકાશાહે જૈનશાસન શુધ રણના પોતાના કાર્યમાં મહાન વિજય મેળવ્યો, અને થોડાજ સમયમાં હિંદુસ્થાનના એક છેડાથી બીજા છેડા પર્યંત લાખો જૈનો તેમના અનુયાયી બન્યા. જે સમયે યુરોપમાં ધર્મસુધારક માર્ટિન લ્યુથર થયો અને પ્યુરિટન હીલચાલથી ખ્રિસ્તિ ધર્મમાં જાગૃતિ દેખાઈ તેજ સમય કે તેજ સાલ લગભગ રીતે જૈન-ધર્મસુધારક શ્રીમાન્ લોંકાશાહના સમયને મળતો આવે છે.*

લોંકાશાહના ઉપદેશથી જે ૪૫ જણાએ દીક્ષા લીધી, તેમણે પોતાના ગચ્છનું લોંકાગચ્છ એવું નામ રાખ્યું. [illegible] ૧૫૩૧.

* "About A.D. 1452 the Lonka sect arose and was followed by the Sthanakavasi sect [illegible] which coincide strikingly with the Lutheran and Puritan movements in Europe."

Heart of Jainism.

સમયે સમયે ધર્મગુરુઓ જન્મે છે, જાય છે અને જાય છે, પણ સમાજ ઉપર પવિત્ર અને કાયમની છાપ પાડવાનું માન બહુ થોડા ધરાવે છે ખ્રિસ્તિ ધર્મમાં માનસિક દાસત્વ દૂર કરવા યુરોપના જે કાર્ય માર્ટિન લ્યુથરે કર્યું તેવું કાર્ય શ્રીમાન્ લોંકાશાહે ભારતવર્ષે જૈનધર્મમાં ઉદ્ધાર માટે કર્યું છે.

મંડળમાંના એક હતા. બાદશાહની આનાકાની છતાં પાંચ કરોડની સંપત્તિ છોડી તેમણે દીક્ષા લીધી હતી.

સુમારે સોએક વર્ષ સુધી તો લોંકાગચ્છીય સાધુઓનું વર્તન ઠીક રહ્યું, પરંતુ પાછળથી તેમાં પણ ધીમે ધીમે આચારશિથિલતા અને અંધાધુંધી વધવા લાગ્યાં. પૂર્વવત્ સર્વત્ર અંધકાર ફેલાવનાર વાદળાં પુનઃ ચઢી આવ્યાં. સાધુઓ પંચમહાવ્રતને બાજુએ મૂકી મઠાવલંબી અને પરિગ્રહધારી થવા લાગ્યા. તથા સાવદ્ય ભાષા અને સાવદ્ય ક્રિયામાં પ્રવૃત્ત થવા લાગ્યા. જો કે આ વખતે પણ કેટલાક અપરિગ્રહી અને આત્માર્થી સાધુઓ વિશુદ્ધ સંયમ પાળતા કાઠિયાવાડ, મારવાડ અને પંજાબમાં વિચરતા હતા અને તેઓ આ વાદળાંની અસરથી મુક્ત રહ્યા હતા. માળવા, મારવાડ આદિમાં વિચરતા પૂજ્યશ્રી હુકમીચંદ્રજી મહારાજનો સંપ્રદાય એ એવા આત્માર્થી સાધુઓમાંના એકની પાટાનુપાટે થયો છે.

લોંકાશાહ પછી ફરીથી જ્યારે આ વાદળાં * ચઢી આવ્યું,

* રાજકોટમાં રહેલ અંગ્રેજ બાનુ મિસીસ સ્ટીવન્સન પોતાના Heart of Jainism નામના પુસ્તકના અ. પ્રકરણમાં ઉલ્લેખ આ મુજબ કરે છે:

"Firmly rooted amongst the Jains, they were able, once hurricane was past, to reappear once more and begin to throw out fresh branches............They arose not directly from the Swetamber sect, but as reformers of an older reforming sect.............Many from the Lonka sect joined this reformer and they took the name of Sthanakvasi, whilst their enemies called them Dhundhia-Searchers. This title has grown to be quite an honourable one."

પોતાનું નામ શિવજી હતું. દેવજીસ્વામીના આચાર્ય રત્નસિંહજીના શિષ્ય શિવજી મહારાજનું વ્યાખ્યાન સાંભળતાં ધર્મસિંહજીને વૈરાગ્ય ઉત્પન્ન થયો, અને ૧૫ વર્ષની વયે દીક્ષા લીધી. જિનવરે પ્રરૂપેલા સંયમનું પાલન કરી જ્ઞાન મેળવવા લાગ્યા. વૈરાગ્યવાન ધર્મસિંહજી મુનિ ઉત્તમ પંડિત બન્યા. ૩૨ સૂત્ર ઉપરાંત, વ્યાકરણ, ન્યાય, વગેરેમાં પણ તેઓ પારંગત થયા. તેમની સ્મરણશક્તિ અતિ તીવ્ર હતી. તેઓ અપ્રતિમ વ્યાખ્યાન કરતા હતા. ડાબા અને જમણા હાથે કલમ પકડી લખી શકતા હતા. અને બે હાથે થયા પછી એક દિવસ ધર્મસિંહજી અનુસાર વિચારવા લાગ્યા કે સૂત્રમાં વર્ણવ્યા પ્રમાણે સાધુધર્મ તો અમે પાળતા નથી તો કલ્પસિદ્ધાંતાદિ પ્રમાણે આ ગચ્છવાસમાં શા માટે રહેવું? તેમણે શુદ્ધ સંયમ પાળવા નિશ્ચય કર્યો અને ગુરુને પણ શિથિલતા છોડી ક્રિયોદ્ધાર કરવા આગ્રહ કર્યો. ગુરુજી પ્રેમ પરિગ્રહનો મોહ તોડી ન શક્યા. અંતે તેમની આજ્ઞા અને આશીર્વાદ મેળવી આત્માર્થી અને વૈરાગ્યવાળી વ્યક્તિઓ સહિત તેમણે પુનઃ શુદ્ધ દીક્ષા લીધી. (વિ. સં. ૧૬૮૫). ધર્મસિંહજી અનુસારે ૨૭ સૂત્ર પર ટબ્બા (ટિપ્પણી) લખેલ છે. એ ટબ્બા સૂત્રનું રહસ્ય સમજવા માટે અતિ ઉપયોગી છે. વિ. સં. ૧૭૨૮માં તેમનો સ્વર્ગવાસ થયો. તેમનો સંપ્રદાય દરિયાપુરીના નામે ઓળખાય છે.

શ્રી લવજી ઋષિ:- સુરતમાં વીરજી વોરા નામે એક દશાશ્રીમાળી શાહુકાર રહેતા હતા. તેમની પુત્રી ફુલબાઈને લવજી નામે એક પુત્ર હતો. લોંકાગચ્છના યતિ વજરંગજી પાસે તેમણે શા-

લીંબડી, ૨ ગોંડલ, ૩ બરવાળા, ૪ આઠકોટિ કચ્છી, ૫
ને ૬ ધ્રાંગધ્રા અને ૭ સાયલા એમ સાત સંઘાડા સ્થાપ્યા

ગુલાબચંદજી સ્વામીના શિષ્ય વાલજી સ્વામી, વાલજી સ્વામીના શિષ્ય હીરાજી સ્વામી, હીરાજી સ્વામીના શિષ્ય કાનજી સ્વામી અને કાનજી સ્વામીના શિષ્ય અજરામરજી સ્વામી થયા અજરામરજી મહા પ્રતાપી અને પંડિત પુરૂષ થયા. તેમના શ્રી અત્યારે લીંબડી સંઘાડો ઓળખાય છે.

શ્રી દોલતરામજી તથા શ્રી અજરામરજી સ્વામી-

બન્ને મહાત્માઓ સમકાલિન હતા. દોલતરામજીએ સં. ૧૮૧૪ અને અજરામરજીએ ૧૮૧૯માં દીક્ષા લીધી હતી. શ્રી દોલતરામજી મહારાજ તે શ્રી હુકમીચંદજી મહારાજના ગુરૂના થાય. તેઓ ઘણા સમર્થ વિદ્વાન અને સૂત્રસિદ્ધાંતના પારગામી હતા. માળવા અને મારવાડમાં તેઓ વિચરતા અને તે પ્રદેશને પાવન કરતા હતા. તેમની અસાધારણ જ્ઞાનસંપત્તિની પ્રશંસા શ્રી અજરામરજી સ્વામીના સાંભળવામાં આવી. અજરામરજી સ્વામીનું પણ ઘણું વિશાળ હતું. છતાં સૂત્રજ્ઞાનમાં અધિક ઉન્નતિ કરવા શ્રી દોલતરામજી મહારાજ પાસે અભ્યાસ કરવાની તેમને ઈચ્છા થઈ. તે ઉપરથી લીંબડીના સંઘે એક ખાસ માણસદ્વારા દોલતરામજી મહારાજની સેવામાં પ્રાર્થનાપત્ર પાઠવ્યો. આચાર્ય શ્રી દોલતરામજી મહારાજ બુંદીકોટે વિરાજતા હતા. તેમણે આ વિનતિનો સહર્ષ સ્વીકાર કરી કાઠિયાવાડ તરફ વિહાર કર્યો. પેલો માણસ પણ અમદાવાદ સુધી પૂજ્યશ્રીની સાથેજ રહ્યો. પણ ત્યાંથી જુદો પડી લીંબડી સંઘને પૂજ્યશ્રીના પધા-

સ્વાની વધામણી પહોંચાડવા માટે આવ્યો. આથી લીંબડી સંઘના આનંદનો પાર ન રહ્યો. લીંબડી સંઘે તે શખ્સને રૂા. ૧૨૫૦) વધામણીના આપ્યા. પૂજ્યશ્રી દોલતરામજી લીંબડી પધારતાં સંઘે તેમનો [illegible] પ્રકારે સત્કાર કર્યો. લીંબડી સંઘની અનુપમ ગુરૂભક્તિ [illegible] દોલતરામજી મહારાજ પણ આનંદાશ્ચર્ય પામ્યા. પંડિતશ્રી અજરામરજી સ્વામી પૂજ્યશ્રી દોલતરામજી મહારાજ પાસેથી [illegible] રહસ્ય સમજવા લાગ્યા. સમકિતસારના કર્તા પં૦ મુનિશ્રી [illegible]મલજી મહારાજ આ વખતે પાલણપુર બિરાજતા હતા [illegible] પણ શાસ્ત્રાધ્યયન કરવા નિમિત્તે લીંબડી આવ્યા. [illegible] અપૂર્વ આનંદ તેઓ અનુભવવા લાગ્યા. ભિન્ન ભિન્ન [illegible]ના સાધુઓમાં આ [illegible] પરસ્પર કેટલો બધો [illegible] અને સાધુઓની જ્ઞાનપિપાસા કેટલી તીવ્ર હતી એ [illegible] શકાશે. પૂ[illegible] દોલતરામજી મહારાજની [illegible] કેટલોક સમય વિચરી પં[illegible] શ્રી અજરામરજી [illegible] અભિવૃદ્ધિ કરી હતી, અને [illegible]મજી મહારાજના [illegible]થી અજરા[illegible] [illegible] પણ [illegible] તેમની સાથે કર્યું [illegible]

પૂજ્યશ્રી હુકમીચંદજી સ્વામી—પૂજ્ય દોલતરામજી [illegible] લાલચંદજી સ્વામી થયા, અને તેમની પાટે [illegible] પૂજ્યશ્રી હુકમીચંદજી સ્વામી થયા ટોડા(રાયસિંહના) [illegible] ઓસવાળ ગૃહસ્થ હતા તેમનું [illegible] ચપલોત [illegible] ૧૮૭૯ના માગશર માસમાં પૂજ્યશ્રી [illegible] પાસે તેમણે પ્રબળ વૈરાગ્ય પૂર્વક દીક્ષા

લીધી. ૨૧ વર્ષ સુધી તેમણે બેલે બેલે તપ કર્યો હતો. ગમે તેવી ઇંદ્રીઓ પણ તેઓ એકજ આહાર ભોગવતા હતા. જિહ્વા ઉપર કરવાનો તેમને અભ્યાસ હતો. સર્વ પ્રકારની મીઠાઇનો ત્યાગ હતો. ફક્ત ૧૩ દ્રવ્ય રાખીને શેષ સર્વ દ્રવ્યનો જાવજ્જીવને માટે તેમણે ત્યાગ કર્યો હતો. તેઓ અતિ અલ્પ નિદ્રા લેતા અને રાત્રિ દિવસ સ્વાધ્યાય અને ધ્યાનાદિ પ્રવૃત્તિમા મગ્ન રહેતા. નિત્ય ૨૦૦ નમોથ્થુણં ગણતા હતા. પોતે સમર્થ જ્ઞાની છતા બહુ નિરભિમાની હતા. કોઇ ચર્ચા કરવા આવતું તો પોતાના આજ્ઞાવર્તિ સાધુ શ્રી શિવલાલજી મહારાજની પાસે મોકલી દેતા. પોતાના ગુરૂ પૂજ્યશ્રી લાલચંદજી મહારાજને તેઓ સુત્રાનુસાર સખ્ત આચાર પાળવા પળાવવા વારંવાર અરજ કરતાં. પરંતુ પોતાની અરજનો સ્વીકાર નહિ થવાથી તેઓ અલગ વિચરવા લાગ્યા અને તપસંયમાદિમાં વૃદ્ધિ કરવા લાગ્યા. આથી ગુરૂએ તેમની બહુ હેલના કરવા માંડી. કોઇએ પણ તેમને આહાર પાણી ન વહોરાવવો, તેમનો ઉપદેશ ન સાંભળવો, તેમજ ઉતરવાની જગા પણ ન આપવી એમ ઉપદેશ દેવા માંડયો. ક્ષમાના સાગર શ્રી હુકમીચંદજી મહારાજે તે તરફ લેશ પણ ધ્યાન ન આપ્યું. તેઓ તો ગુરૂના ગુણાનુવાદજ ગાતા હતા અને કહેતા હતા કે એ મારા પરમ ઉપકારી પુરૂષ છે; હું મહાભાગ્યવાન્ છું; મારો આત્માજ ભારે કર્મી છે. આ પ્રકારે ગુરૂપ્રશંસા અને આત્મનિંદા કરતા હતા. છતાં ગુરૂ તરફથી તો તિરસ્કારના પ્રહારો ચાલુજ રહ્યા હતા. આમ કરતાં ચાર વર્ષ વીત્યાં પણ કદાપિ ગુરૂના વિરૂદ્ધ એક શબ્દ પણ તેમણે ન ઉચ્ચાર્યો. ચાર વર્ષબાદ ગુરૂને આપોઆપ પસ્તાવો થવા લાગ્યો ને તેઓ પણ નિંદાને બદલે સ્તુતિ કરવા લાગ્યા. છેવટે આખ્યા-

વર્ષ પર્યંત અખંડ એકાંતર ઉપવાસ કર્યા હતા. તેઓ જેમ તપસ્વી હતા તેમ વિદ્વાન્ પણ હતા. સ્વપરમતના જ્ઞાતા અને સમર્થ ઉપદેશક હતા. તેમણે પણ જૈનશાસનનો ઘણો ઉદ્યોત કર્યો અને શ્રી હુકમીચંદજી મહારાજના સમ્પ્રદાયની કીર્તિ વધારી. સં. ૧૯૩૩ના પોષ શુદ ૬ ના રોજ તેમનો સ્વર્ગવાસ થયો.

પૂજ્યશ્રી ઉદયસાગરજી સ્વામીઃ—આ મહાપુરૂષનો જન્મ જોધપુરના ઓશવાળ ગૃહસ્થ શેઠ નથમલજીની પતિવ્રત પરાયણા ભાર્યા શ્રી છતુબાઈની કુક્ષિથી સં. ૧૮૭૬ના પોષ મહિનામાં થયો હતો. સં. ૧૮૮૧ મ. તેમનો વિવાહ પરમોત્સાહ પૂર્વક કરવામાં આવ્યો. તેઓશ્રીનાં લગ્ન થયા પછી થોડાજ સમયમાં તેમને સંસારની અસારતાનું ભાન થતાં વૈરાગ્ય સ્ફુર્યો. સર્વસંગ પરિત્યાગ કરવાની અભિલાષા ઉપજી; પરંતુ માત પિતાએ અને કુટુમ્બી જનોએ દીક્ષા લેવાની આજ્ઞા ન આપી તેથી તેઓ શ્રાવકના મનો આદરી સાધુનો વેષ પહેરી ભિક્ષાચરી કરતા ગ્રામાનુગ્રામ વિચરવા લાગ્યા. કેટલોક સમય એ રીતે દેશાટન કર્યા પછી માતા પિતાની આજ્ઞા મળતાં મળે સં. ૧૯૦૮ના ચૈત્ર શુદ ૧૧ના રોજ પૂજ્ય શ્રી ઋષિરાજજી મહારાજના સુશિષ્ય હર્ષચંદ્રજી મહારાજ પાસે ભ્રા ધારણ કરીને ગુરૂમુખથી જ્ઞાન ગ્રહણ કરવા માંડયું. તેમની સ્મરણશક્તિ અદ્ભુત અને બુદ્ધિબળ અગાધ હતું. થોડાજ સમયમાં જ્ઞાન, ચારિત્રની ઘણીજ ઉન્નતિ કરી. તેમની ઉપદેશ શૈલી ઘણીજ ઉત્તમ હતી, તેથી તેઓશ્રી જ્યાં જ્યાં પધારતા ત્યાં તેમના મુખ કમળની વાણી શ્રવણ કરવા સ્વમતી,

* असंवुडेणं भंते अणगारे, सिज्झइ, बुज्झइ, मुच्चइ, परिनिव्वाइ, सव्व दुक्खाणमंतं करेइ ? गोयमा नोइणट्ठे समट्ठे. सेकेणट्ठेणं भंते जाव अंतं करेइ ? गोयमा असंवुडे अणगारे आउय वज्जाओ सत्त कम्म पगडीओ सिढिल बंधण बद्धाओ धणिय बंधण बद्धाओ पकरेइ, हस्स कालठिईआओ, दीहकालठिईआओ पकरेइ, मंदाणुभावाओ, तिव्वाणुभावाओ पकरेइ अप्पपएसग्गाओ बहुप्पएसग्गाओ पकरेइ....... श्री भगवती श. १ उ. १

આના અનુસંધાનમાં શ્રી ઉત્તરાધ્યયનજી માંથી અ. ૧ ગાથા ૯ મી કહી ભાવાર્થ એવો ઉતારતા કે ગુરૂની હિતશિક્ષા પ્રત્યેક શિષ્યે સંપૂર્ણ ધ્યાનથી સાંભળવી, વિચારવી, મનમાં ઠસાવી વર્તનમાં મૂકવી. શિષ્યના દુષ્ટ હૃદયની ગંભીર ભૂલોને ભુંસવા ખાતર કદાચ કઠિન પ્રહાર યુક્ત હિતશિક્ષા હોય તો પણ વિનીત શિષ્યે તેમાં પોતાનું શ્રેય સમજી તે શાંતિથી શ્રવણ કરવી, પરંતુ રોષ માત્ર કોપ કે ખેદ ન કરવો પણ શુભ વિચારોથી મનને સમજાવી ક્ષમા રાખવી. વર્તનથી અને મનથી ક્ષુદ્ર મનુષ્યોનો વ્યાપક સંસર્ગ ન કરવો અને હાસ્યક્રીડાના પ્રસંગથી દૂર રહેવું.

---

* ભાવાર્થ:—સંસારનો ત્યાગ કર્યો પણ અંદરનાં આશ્રવદ્વાર જેણે રોક્યાં નથી એવા દંભસેવી સાધુ સાત બીજ રૂપ કર્મ પ્રકૃતિ સ્થિતિ, રસ પ્રદેશ ઘટાડવાને બદલે ઉલટા વધારે છે ચીકણાં કર્મ બાંધે છે. આટલા માટે અંતર્ રિપુઓ ઉપર જય મેળવો એજ આપણા આ ત્યાગનું મુખ્ય લક્ષ્ય હોવું જોઇએ.

કાયદા કે નિયમો કાગળપર નહિ, પરન્તુ વર્તનમાં મૂકવા
પ્રેરે. દરેક પગે પાપથી બચવાની જિજ્ઞાસા બતાવે તેજ ...માંથી
અસંખ્ય આકર્ષણોમાંથી આત્માને બચાવી
કહી ગયા છે કે:—

ઉપદેશકોના પોતાના ભક્તિભાવ, ... કરાવ
એવી વૃત્તિથીજ શિષ્યોની ધાર્મિક વૃત્તિ કેળવી શકાય
ધાર્મિક રિવાજ અને સંસ્કારનું ... વિશેષ જ્ઞાન થાય તે
મૂકવા યોગ્ય છે. જેમ તે આજ્ઞા આવી પડે અથવા
કાયદા આપણી પાસે હોય તો પણ આપણું ધન તે
સમજવું, આ ખ્યાલ અને નિશ્ચય તે પૂર્ણ રીતે આવે
ત્યારેજ સમજાતા માનવી. ધર્મ એ કોઈ પંડિતોના વિષય
ધર્મ બુદ્ધિગમ્ય ભલે હોય પણ તે હૃદય ગ્રાહ્ય છે,
શ્રદ્ધાનો વિષય છે. ધર્મવિહીન નીતિ ... પણ
અભાવે પૂરતી અસર કરી શકતું નથી. ધર્મ ચિંતન
ઉદાર, વ્યાપક અને સાથે શુદ્ધ ખ્યાલ એ સર્વ મનુષ્ય
તેજ કેળવી શકે. લાગણી પોતાનામાંજ પેદા થ
બીજાના ડર કે અંકુશની અસર થોડીજ વખત
આત્મવિશ્વાસ ઉત્પન્ન થાય તોજ પ્રતિજ્ઞા જાગવા
અને જતી ભૂલોનાં પરિણામને પ્રાયશ્ચિત્તથી ...
છે. જે સ્વેચ્છાએ શુદ્ધ ભાવે પ્રાયશ્ચિત્ત થાય
અલ્પ ત્યાગે થાકે. પચાવે તો શું ... કરવું પડે
બધા કંપારી છૂટે છે.

પ્રકાશની મુખ્યસત્તા એ સાધુઓની [illegible] અને પંડિતો
મ છે. સમાજના નેતાઓ, મુનિઓ અને કેટલાક સાધુ
આગળથી ઉપર મુજબ નક્કી [illegible] પ્રકાશની
[illegible] પ્રવૃત્તિ કરવા સુધી સમર્થ
ના મુજબ "દાખલા [illegible] કરે તે સમજ
ઈ એના ધર્માચાર્યોને [illegible]
કેલ છે"

" ખુશામત એ છુપું ઝેર છે, મનુષ્ય માત્ર ભૂલને પાત્ર
ભૂલ કરનારે એવી ભૂલો કરી ન કરે એવું સમજનાર
દરેક પાપાત્માને ગુનેગાર ગણવા, પણ પ્રસ્થ થઈ,
ભૂલને છુપાવી, ગુન્હેગારોને મદદ કરવી, એ તો ગુન્હા
એવું મહા પાપ છે. એ પ્રવૃત્તિ તો ગુન્હા કરનારાને
ગેલી છે. આ પક્ષપાત-એટલે [illegible] સાથ ને સમર્થમાં
મનુષ્યોમાં પણ ઘોર ઝેર ફેલાવી સુધીને કેવા બુદ્ધિ
છે, તેનાં શોચનીય દૃષ્ટાંતો આપણી [illegible] આગળ

. દર્દીને બચવાની પ્રાર્થના પણ આ દેશ[illegible]
આવશ્યક નથી શકે છે; પરંતુ આ છુપાવી; દર્દને
કેવી બનાવવું એ મહા પાતક છે. આ [illegible]
બચવું એ શ્રાવકનો મુખ્ય ધર્મ છે. ધર્મની [illegible]
એવી રીતે હાથ મારનારાઓને આ છુપા ઝેરની
દેખાડવા એટલે દેખાડવાનો પોતાનો આ ધર્મ
[illegible] શ્રદ્ધાપૂર્વક આરંભ થઈ કરવાનું

ેા સ્વભાવ છે. પોતાથી ભૂલ થઇ ગઇ તેનું જ્ઞાન થવું
ચ મનુષ્યપણું છે; પણ ભૂલ કબૂલ કરી તેને સુધારવી,
ભલું કરી નાખવું એ દૈવી મનુષ્યત્વ છે." દિવના એ-
મગજ઼ીને સ્થાને નમ્રતાનાં પગલાં થયાં કે ભૂલો
ાની દૃશ્ય પ્રેરણાઓનો મારો શરૂ થવાનો.

મહાત્મા ગાંધીજીના નીચેના શબ્દોનું સ્મરણ કરી આ
િમાંના પૂજ્ય શ્રી શ્રીલાલજીના જીવન પર એ અવલોકીએ.

"આપણા દેશમાં કમાય નાજબજ અને તપોબજ એવાં
જ઼નને ઓળખે છે, અને એની અંદર પણ તપોબળની
ા વધારે માને છે. આ આપણા સમાજની વિશેષતા છે.
ક જેટલો વાસનાને ઓછા આધીન, જેટલું એનું જીવન
અને સંયમી તેટલું તેનું તપ વધારે. સ્વાર્થ અને વિલાસની
તા જેની અંદર ઓછી તે તેટલા અંશમાં તપસ્વી.
અને તપશ્ચર્યા એ એના નવોન એજ અંશવશં."

"સત્યમા સર્વ ધર્મની સીમા છે, સત્ય એ પરમેશ્વર છે,
કરતા પર એવો કોઇ ધર્મ નથી. એ સત્યનું પાલન જરૂ
ન છે એમા શક નથી. મનથી અને વચનથી સત્ય [illegible]
મનુષ્યને બીજું કાંઇ ન હોય તેમાં તેને જવું ભલી
ી. સત્યનો માર્ગ શૂરાનોજ છે. તેનો વ્યવહાર ન કરી [illegible]
માણસ ખાનદાની મુકે, તેની શાખ જાય. જેમ [illegible]
તો દૂધ પણ ઝેર કહેવાય, તેમ નિર્દોષ [illegible]

ॐ

પૂજ્યશ્રી શ્રીલાલજી

પ્રકરણ ૧ લું.

બાલ્ય જીવન.

રાજપૂતાનામાં પૂર્વીય બનાસ નદીના દક્ષિણ તટ ઉપર ટોંક નામનું એક નગર ઘણા પુરાતન કાળથી વસેલું છે. જયપુરની દક્ષિણે ૬૦ માઇલ પર તે આવેલું છે. ઇ. સ. ૧૮૧૭માં જ્યારે પ્રખ્યાત પીંઢારા અમીરખાને રાજપૂતાનામાં એક નવીન રાજ્યની સ્થાપના કરી ત્યારે ટોંક તેની રાજ્યધાનીનું શહેર બન્યું. રાજપૂતાનામાં કોઈ ઉદ્ગમ. છેલ્લું જો કોઈ રાજ્ય સ્થપાયું હોય તો તે આ રાજ્ય છે. બે હજાર ચોરસ માઇલનો તેનો વિસ્તાર છે. તેનો કેટલોક ભાગ રાજપૂતાનામાં અને કેટલોક માળવામાં છે. ટોંકના રાજકર્તા અફગાન જાતના રોહિલા પઠાણ છે અને તેઓ. નવાબની પદવીથી ઓળખાય છે. આખા રાજપૂતાનામાં આ એક મુસલમાની રાજ્ય છે. ચોતરફ ઉંચા ઉંચા ડુંગરોથી ઘેરાયેલું અને પુરાણી પદ્ધતિનું ટોંક શહેર પુરાણા ટોંક અને નવા ટોંક એમ બે વિભાગમાં વહેંચાયેલું છે.

સાંકડી બજારો અને ઉંચા નીચા રસ્તાઓવાળા અને બહુ પુરાતન કાળથી વસેલા પુરાણા ટોંકમાં આપણા ચરિત્ર નાયકનો જન્મ થતાં અત્યારે એ શહેર જૈન પ્રજામાં અધિક પ્રસિદ્ધિ પામ્યું છે. અહિં પુરાણા ટોંકમાં ક્ષત્રિય વંશીય ..

ઘ ઉપરાંત પુરાણા અને નવા ટેંકમાં મળી નાની મોટી ૧૪
ાનો તેમને હતી. તેનું ભાડું ઉપજતું; ઉપરાંત સરકારમાં તથા
સરકારી કોર્ટમાં પીરસાર કરવાનો તેમનો ધંધો હતો.
સુનીલાલજી એક પ્રમાણિક અને ધર્મ પરાયણ હતા; એક
સાગરસ્થને છાજે તેવા ઉત્તમ ગુણોથી તેઓ અલંકૃત હતા.

करते हैं और उनको किसी विधर्मी राजकीय पद पर नियुक्त करने
पर वे लोग हेमिनी बनानेके समान स्वच्छन्दतासे तलवार चलाने
में भी समर्थ हैं। भाग पहला हिन्दी अनुवाद पृष्ठ ११३०-३८
२. रामसिंह जैन धर्मावलम्बी और ओस जातिके हैं। ह
ओस जातिकी संख्या सब मिलाकर लगभग एक लाखके हो
और सबकी उत्पत्ति राजपूत वंशमें उत्पन्न हुए हैं. इन्होंने व
काल पहले हिन्दु धर्म छोड़कर जैनधर्मावलम्बन और मारवा
अंतर्गत ओसा नामक स्थानमें रहना आरंभ किया था, तथा
स्थानके नामानुसारही ओसवाल नाममें विख्यात हुए। जाति
समय व सोलंकी राजपूत जातिके लगभग मरने पहले दें
दीक्षित हुए थे। भाग पहिला द्वि. खंड अध्याय २६ पृ. ८३
जैन वर्षके ८४ जातिके व्यवसायीओंमेंसे ओसवाल
बहुत प्रसिद्ध तथा विशेष धनवान है जो प्रायः १ लाख हैं।
बात इस लिये कहे जाते हैं कि इनके रहनेका पूर्वस्थान
था। ये सर्व विशुद्ध राजपूत हैं इनमें पहली अनुयायी
लोग दंवार, चौहाण, भट्टी इत्यादि सब सब समुदाय है

[illegible] સામાયિક પ્રતિક્રમણ તથા કેટલાંક થોકડા
તો આ થયા પહેલાંજ શિખ્યાં હતાં. અને લગ્ન પછી પણ આર્યા-
ણીઓના સહવાસથી તેમનું ધાર્મિક જ્ઞાન. ઘણું વધ્યાનાં કર્મો
હતો. તેમણે ઘણી લગન. વ્રત પચ્ચખાણ કર્યાં હતા. ચારે સ્કંધો
તેમને પોતાની જીંદગીનાં. છેલ્લાં ઘણાં વર્ષો સુધી અંગીકૃત હતું.
સાધુ સાધ્વી પ્રત્યે તેમનો અનુપમ ભક્તિભાવ હતો. તેમને આહાર
પાણી વહોરાવવા જતાં કદાચ કંઈ અજુગતું થઈ જતું તો તે
દિવસે તેઓ આહાર ન કરતાં. ટુંકામાં કહીએ તો આ સ્ત્ર
સાધ્વી સ્ત્રીનું ચરિત્ર અતિશય સ્તુતિપાત્ર હતું, સ્તુતિપાત્ર નહીં
બલ્કે ભક્તિપાત્ર હતું

આ નિર્મળહૃદયા ધર્મપ્રેમના સ્ત્રીના ઉદરથી સાંગાર
નામની એક પુત્રી અને નાથુલાલજી નામના એક પુત્રના જન્મ
વિક્રમ સં. ૧૯૨૫ ના જ્યેષ્ઠ વદી ૧૨* ના રોજ એક
જન્મ થયો. જગતમાં પુત્ર જન્મનો અસીમ આનંદ તો અ
માતાઓ અનુભવે છે, પરંતુ તેજ માતાનો આનંદ સફળ
જે તેના હૃદયને દીપાવે અને કુળને ઉજાળે. શ્રીમની ચંદકુંવર

* મારવાડમાં ચૈત્ર વદી ૧ ના રોજ સંવત્ બદલે
દર પૂનમે મહિનો પૂરો થઈ વદ ૧ થી નવો માસ
ત્યાં રીવાજ છે. એટલે મારવાડી ગણત્રી પ્રમાણે સં. ૧
અષાડ વદ ૧૨ ના રોજ ચરિત્ર નાયકનો જન્મ થયો

શ્રી લાલજી બાળક હતા ત્યારે તેમના માતાજી તેમને સાથે લઈ ઉપાશ્રયે શ્રી મોનાજી તથા ગંગાજી નામની વિદુષી અને વિશુદ્ધ ચારિત્રની સતીઓ પાસે શાસ્ત્રશ્રવણ કરવા માટે નિરંતર જતાં. તેના પવિત્ર વાતાવરણની પવિત્ર અસર તેમના હૃદયપર બાલ્યાવસ્થાથીજ પડતી ગઈ હતી. વળી આ વખતે લેખક, પૂજ્ય શ્રી કરમશીચંદજી મહારાજના સંપ્રદાયના સુસાધુ તપસ્વીજી શ્રી પન્નાલાલજી (પૂજ્યશ્રી ભાગચંદજીના ગુરુભાઈ) [illegible] હતા. તેમની પાસે પત્ર તથા ગંભીરમલજી મહારાજ (જેમના [illegible] શ્રીલાલજીને અત્યાર તથા [illegible] પિતાજી પાસે [illegible] આચાર્ય, સુપ્ર[illegible] મહાત્મા શ્રી પન્નાલાલજી મહારાજ [illegible] આચાર્ય [illegible] હવે ૬૬ ઉપર [illegible] સમયના સાધુ અને વિદ્વાન સાધુ હતા. એટલે આ બન્ને મહાપુરુષે સુધી તેમણે [illegible] કર્યો હતા. [illegible] ઉત્કૃષ્ટ [illegible] શ્રી લાલજીના હૃદયનું [illegible] મહાન આલંબન રૂપ નીવડ્યો.

બાલ્યાવસ્થાથીજ સાધુ અને આચાર્ય પ્રત્યે તેમનો [illegible] પ્રેમભાવ અને અનુપમ ભક્તિભાવ હતો. જ્યારે તેઓ પાસ [illegible] જેમ લોકો ગમ્મત કરે છે તેમ શ્રી [illegible] ત્યારે છોકરાંઓ ભેગા કરી [illegible] બનાવતા, માટીનું [illegible] કરવા-કરાવવાની [illegible] ધારણ કરતા, [illegible] પાત્ર કરતા, [illegible] સુખશાંતિ [illegible] વ્યાખ્યાન રચતા હોય [illegible] કરતા, અને [illegible] કરતું છે, શ્રી [illegible] આ વિચિત્ર તેમને કોઈ કોઈ પણ [illegible] હોય ? [illegible] છે શીશા લાગ ! તો [illegible] તેઓ [illegible] [illegible] શુભ સંસ્કાર વિના [illegible] થયા!

ટોંકમાં સરકારી તેમજ ખાનગી અને મરાઠી શાળાઓ હતી, પરંતુ ખાનગી શાળાઓનું શિક્ષણ વિશેષ વ્યવહારોપયોગી નહી. શ્રીલાલજીને હિંદી શિક્ષણ માટે પંડિત મૂલચંદ નામના એક અધ્યાપકની શાળામાં દાખલ કરવામાં આવ્યા અને ઉર્દૂ શિક્ષણ માટે હાફીઝ અબ્દુલ રહીમના મદ્રેસામાં મોકલવા માંડ્યા. વિદ્યાભ્યાસ પ્રતિ તેમની સ્વાભાવિક અભિરુચિ આશ્ચર્યજનક હતી; તેથી પોતાના સહાધ્યાયીઓની સરખામણીમાં શ્રીલાલજીએ આગળ વધી પોતાના શિક્ષકોનો પ્રેમ સંપાદન કર્યો. તેમની સ્મરણશક્તિ એટલી તો તીવ્ર હતી કે તેમના શિક્ષકોને તે માટે અજાયબી ઉપજતી.

ટૂંકમાં શાળાઓમાં, ઘરના સંસ્કારી અને ધાર્મિક વિચારો દૃષ્ટિએ તેમણે સારી પ્રગતિ મેળવી હતી. વિદ્યાગુરુઓના તેઓ પ્રીતિ-પાત્ર અને વિશ્વાસુ હતા. શ્રીલાલજીના ઉચ્ચ ગુણોથી મુગ્ધ થયેલા

શ્રીયુત નાનુલાલજી એક આદર્શ શ્રાવક છે. હાલે દરેક પર્વ અને પ્રત્યાખ્યાનો લીધેલ નેમણે છોડ્યા છે. ઉપરાંત ચોવીસે પણ નિયમ છે. તેમ. વિગેરે, બે વખત સામાયિક કરવાનો તેમને નિયમ છે. તેઓ ઘણા નેમ ધર્મપ્રેમી અને શુદ્ધાચારી (ભદ્ર) સ્વભાવના છે. તેમને સા ઉપર છે. છતાં એક જુવાનની માફક શ્રમ કરી શકે છે. પુત્ર છે. મોટા પુત્ર મહેન્દ્રલાલજી પણ તેવાજ સુપાત્ર છે. નાનુલાલજીના પુત્રો અને પૌત્રો વગેરે આખા કુટુંબમાં પ્રસંગોપાત છે. ત્યાં ટોંકમાં તેમની કાપડની દુકાન વગેરે ઉપર ચાલે છે, છતાં એ વ્યાપારના કરતાં ધર્મવ્યાપાર નાનુલાલજી વિશેષ લક્ષ આપે છે.

શ્રીલાલજીનું શરીર નિરોગી અને સુદૃઢ હતું. જન્મથીજ તેમનાં બીજાં બંધુઓ કરતાં તેઓ મજબૂત બાંધાના હતા. સહનશીલતા, નિર્ભયતા, સાહસિક વૃત્તિ, ધારેલું કામ પાર પાડવાની ખંત, ઉત્સાહ અને સત્યનો આગ્રહ ઇત્યાદિ ગુણો બાલ્યવયથીજ તેમનામાં પ્રકાશી રહ્યા હતા. શુક્લ પક્ષના ચંદ્રની માફક વયની વૃદ્ધિની સાથેજ ઉપર્યુક્ત ગુણોનો પ્રકાશ પણ વૃદ્ધિ પામતો ગયો હતો તેનાં અનેકાનેક ઉદાહરણો આ મહાપુરુષના જીવન ચરિત્રમાં સ્થાન સ્થાન પર દૃશ્યમાન થાય છે.

શ્રીલાલજીનો સ્વભાવ ઘણોજ માયાળુ અને પ્રેમાળ હોવાથી તેમના બાલસ્નેહીઓની સંખ્યા મોટી હતી. તેમની સાથેનું તેમનું વર્તન ઘણુંજ ઉદાર હતું. શ્રીલાલજીના ઉત્તમ ગુણોની મિત્ર વર્ગ પર ઘણીજ અસર થતી. વખતાવરજી પોરવાલ અને સુગનમલજી પોરવાલ એ બે તેમના ખાસ મિત્રો હતા. શ્રીલાલજીના વૈરાગ્યની એ ઉભય મિત્રોના હૃદયપટ પર ઉંડી છાપ પડી હતી અને તેથી તેઓએ તેમની સાથે સંસારનો પરિત્યાગ કરી આત્મોન્નતિ સાધવાનો દૃઢ સંકલ્પ કર્યો હતો પરંતુ પાછળથી વખતાવરજીને આજ્ઞા નહિ મળવાથી તેમજ સંયોગની પ્રતિકૂળતા હોવાથી તેઓ દીક્ષા લઇ શક્યા નહિ અને સુગનમલજીએ શ્રીલાલજીની સાથેજ દીક્ષા લીધેલી. શ્રીલાલજી પ્રત્યે તેમને ઘણો સ્નેહભાવ હતો.

શાળામાં શ્રીલાલજીના સહાધ્યાયીઓ તેમને એટલા બધા ચાહતા હતા કે જ્યારે તેમણે શાળા છોડી ત્યારે તેઓ આંખમાં આંસુ લાવી રડ્યા હતા. તેમના મિત્રો તેમનો વિયોગ સહન કરી

પ્રકરણ ૨ જું

વિવાહ અને વિરક્તતા.

સં. ૧૯૩૫ મા શ્રીલાલજીને [illegible] ઉંડી અને ધાર્મિક શ્રી અભિવૃદ્ધિ અર્થે અધિક ઉદ્યમ આદર્યો. એજ વર્ષમાં કે સં. ૧૯૩૫ ના આષાઢ મહિનામાં તેમના પિતાજી શેઠ [illegible]લાલજી સ્વર્ગે સંધાવ્યા. પિતાના સ્વર્ગવાસ પછી પાંચ મહિને સં. ૧૯૩૬ ના કાર્તિક વ. ૨ ના રોજ શ્રી લાલજીનાં લગ્ન થયાં. આ વખતે તેમને ૧૦ વર્ષ પૂરાં થઈ ૧૧ મું વર્ષ ચાલતું હતું અને તેમનાં ધર્મપત્નિને તેરમું વર્ષ બેઠું હતું. રાજપુતાનામાં બાળલગ્નનો અત્યંત હાનિકારક રીવાજ આજના કરતાં પણ તે સમયે વિશેષ પ્રચલિત હતો. આ પ્રથા ચાલુ હતી માટે શ્રીલાલજીએ [illegible] આપીને તેનું કેટલું શુભ પરિણામ [illegible] થયા પછી [illegible] ઉપદેશ [illegible] આગળ આપણે જોઈશું [illegible]

શ્રીલાલજીનું અન્તઃકરણ [illegible] તેમના ધર્મોપદેશી [illegible] મહારાજ [illegible] શ્રી [illegible] ની [illegible] આ શુભ [illegible] વિહાર [illegible] ઉપદેશ [illegible] ઉપદેશે [illegible] વર્તમાન [illegible] [illegible] થઈ, અને અતિ [illegible]

ચડ વર્ગને લાગ્યો, અને તેમના મનમાં એજ પ્રશ્ન ઉદ્ભવ્યો કે પત્નીને પરિહરવા કરતા નવ પરણવું એ શું ખોટું? પણ ધર્મના સ્વરૂપ કાયદા પાસે સર્વને શીર ઝુકાવવુંજ પડે છે. વળી કુદરતી દરેક કૃતિ સર્વદા હેતુયુક્ત હોય છે. શ્રીમતી માનકુંવર બાઈના પ્રેમસંગના માર્ગ પણ આવી વિધિથી ખુલ્લો થવાનું વિધિએ નિર્મેલું હશે– તેમને શ્રીમતી ચંદુકુંવરબાઈ જેવી સુશિક્ષિતા સાસુ પાસેથી ઉત્તમ નીતિની શિક્ષા સંપાદન કરવાનો સુયોગ આવી પ્રાપ્ત થયો, અને પવિત્ર જીવન વ્યતીત કરી, દીક્ષિત થઈ છ વર્ષ પ્રથમ આપણી પતિની પહેલા સ્વર્ગમાં પહોંચવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું એ પણ આ પ્રવૃત્તિનુંજ પરિણામ હોવાનું અનુમાન અનુચિત છે એમ કોણ કહી શકશે? વળી શ્રીલાલજીનું હૃદય આ વખતે વૈરાગ્યના રંગથી રંગાયેલું હતું અને જ્ઞાનાભ્યાસની તેમને અપરિમિત પિપાસા હતી એ વાત નિર્વિવાદ છે, પરંતુ દીક્ષા લેવીજ છે એવો દૃઢ નિશ્ચય તે વખતે હતો કે કેમ એ નિશ્ચયાત્મકપણે કહી શકાય તેમ નથી.

લગ્ન સમયે માનકુંવરબાઈની ઉમ્મર બહુ નાની–આઠ નવ વર્ષની હતી તેથી લગ્ન બાદ તેઓ પિયેર ગયાં હતાં અને ત્રણ વર્ષ સુધી તેઓ પિયેરમાંજ ત્યાં હતાં. મારવાડનો રિવાજ છે કે ઉમ્મર લાયક થાય એટલે આણું વાળે, પણ જો ઉપાદિ કંઈ પ્રસંગ ઉપસ્થિત હોય તો શોધ દિવસને માટે નવવધૂને તેડી લાવે. પરંતુ શ્રીલાલજીના દીક્ષાગ્રહણ પછી એવો કોઈ ખાસ પ્રસંગ તેમને ત્યાં આવ્યો ન હતો તેથી માનકુંવરબાઈ ઘણા વર્ષ સુધી પિતૃગૃહેજ રહ્યાં હતાં.

વાચક વર્ગને લાગશે, અને તેમના મનમાં એજ પ્રશ્ન ઉદ્ભવશે કે પરણીને પતિદ્રષ્ટા કરતા નજ પરણવું એ શું ખોટું? પણ કર્મના અચળ કાયદા પાસે સર્વને શીર ઝુકાવવુંજ પડે છે. વળી કુદરતની દરેક કૃતિ સર્વદા હેતુયુક્ત હોય છે. શ્રીમતી માનકુંવરબાઈના શ્રેયનો માર્ગ પણ આવી વિધિથી ખુલ્લો થવાનું વિધિએ નિર્મ્યું હશે. તેમને શ્રીમતી ચંદકુંવરબાઈ જેવી સુશિક્ષિતા સાધુ પાસેથી ઉત્તમ સતિની શિક્ષા સંપાદન કરવાનો સુયોગ આથી પ્રાપ્ત થયો, અને પવિત્ર જીવન વ્યતીત કરી, દીક્ષિત થઈ ૭ વર્ષ સંયમ આરાધી પતિની પહેલાં સ્વર્ગમાં પહોંચવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું એ પણ આ પ્રવૃત્તિનુંજ પરિણામ હોવાનું અનુમાન અનુચિત છે એમ કોણ કહી શકશે? વળી શ્રીલાલજીનું હૃદય આ વખતે વૈરાગ્યના રંગથી રંગાયેલું હતું અને જ્ઞાનાભ્યાસની તેમને અપરિમિત પિપાસા હતી એ વાત નિર્વિવાદ છે, પરંતુ દીક્ષા લેવીજ છે એવો દૃઢ નિશ્ચય તે વખતે હતો કે કેમ એ નિશ્ચયાત્મકપણે કહી શકાય તેમ નથી.

લગ્ન સમયે માનકુંવરબાઈની ઉમ્મર બહુ નાની-આઠ નવ વર્ષની હતી. જેથી તરતજ તેઓ પિયેર ગયાં હતાં અને ત્રણ વર્ષ સુધી તેઓ પિયેરમાંજ રહ્યાં હતાં. મારવાડનો રિવાજ છે કે ઉમ્મર લાયક થાય એટલે આણું વળાવે, પણ જો લગ્નાદિ કોઈ પ્રસંગ શ્વસુરગૃહે હોય તો થોડા દિવસને માટે નવવધૂને તેડી લાવે. પરંતુ શ્રીલાલજીનાં લગ્ન પછી એવો કોઈ ખાસ પ્રસંગ તેમને ત્યાં આવ્યો ન હતો તેથી માનકુંવરબાઈ ત્રણ વર્ષ સુધી પિતૃગૃહેજ રહ્યાં હતાં.

ઉતા બનાવનારાં વાક્યો શ્રીજીના મુખારવિંદમાંથી વારંવાર
ચરાવા લાગ્યાં. ગૃહકાર્યમાં જરા પણ ધ્યાન નહિ આપ
ગ સત્સમાગમ, શાસ્ત્રાધ્યયન, અને એકાંત સેવનમાં તેઓ મગ્ન
વા લાગ્યા.

શ્રીલાલજીની આ સર્વ પ્રવૃત્તિ અને સંસાર પ્રત્યેની
ી ઉદાસીન વૃત્તિ જોઈ તેમનાં માતુશ્રી વગેરે આપ્તજનોનાં
ચિંતાક્રાંત થયાં. જે માતા પોતાના પુત્રનો ધર્મપ્રતિનો
અનુરાગ જોઈ પ્રથમ આ લાદ પામતાં હતાં તેજ માતાને
વૈરાગ્યમય વચનામૃતો આજે સાંભળવાં પણ ગમતાં નથી.
ધર્મમય વર્તન તેને અતિ અરુચિકર—અસહ્યકર થઈ
છે. સાધુ સાધ્વીની સેવા શુશ્રૂષાને અને તેમની સત્સંગતિને
પોતાનું પરમ કર્તવ્ય માન્યું છે, એજ સાધ્વી સ્ત્રી
ે પોતાનો પુત્ર સાધુઓની સોબતમાં રહે તે
ઈ શકતી નથી તેને સત્સંગથી વંચિત રાખવા તેનુ
ુ ઈચ્છે છે. સાંસારિક પ્રેમમંથી મનમાં કુવિચારો ઉત્પન્ન
છે, પણ તે પોતાના અભિપ્રાયોને સ્પષ્ટ શબ્દોમાં પુ. સમક્ષ
રી શકતાં નથી. અહા! આ સંસારમાં રાગનું કેટલું
ભવ છે!!

ધ્યાપક ગેટસે કરેલા પ્રયોગોથી પુરવાર થયું છે કે:–
નવો બુદ્ધિનાશક રાસાયનિક તત્ત્વો ઉત્પન્ન કરે છે, કે જે
પરમાણુઓને શક્તિ ઉત્પન્ન કરવાને માટે ઉત્તેજિત કરે
નિસ્સાર અને અંતર દુર્વિચારો શરીરમાં ...
અનાવો ...

રક
ત

શ્રીજીએ ઘણાં વચનામૃત, ગજરામાં રાજચાની નાની
સંધપોથીમાં ઉતારી લીધાં હતાં. તેમાંનાં નીચેનાં વચનામૃતનું
સ્મરણ તો તેઓ વારંવાર કરતા હતા.

दाराः स्नेहो यन्त्रिसिगदमदृशो यानिकमतो ।
यनःस्वीयो वर्गो धनमामेनवं यन्त्रनीमव ॥
मदाः संस्था पूर्णं दशमन शेम संनगं विरमं ।
मत. ह्यगंतः नदिर न गते ह ने विदुषाम् ॥

ભાવાર્થ—સંગમ સ્ત્રીઓનો સ્નેહ એ કઠણ બંધન જેવો
ગાઢા લટકતા પાશા જેવો છે; પોતાનો કુટુંબી વર્ગ યમરાજ
ન છે; લક્ષ્મી છે તે નવીન મારી જેવી સમાન છે; વળી
ર અપવિત્ર વસ્તુઓથી ભરેલ હોવાથી દુઃખરૂપ દશ્યોના
ર્ગ જેવો ભયંકર છે એ પ્રમાણે સંસાર એ અનેક
સંકટ છે અને તેટલા માટે વિદ્વાન માણસોની પ્રીતિ તેમાં
પણ સ્પર્શે નથી.

લાગણીઓનાં મોજાં ઉછળવા લાગ્યાં. તરંગોથી ક્ષુભિત થયેલા મહાસાગરની પેઠે તેમનું અંતઃકરણ વિચાર તરંગોથી ખળભળી ઉઠ્યું અને વ્યાખ્યાન પૂર્ણ થતાંજ ખાનપાનની પરવા કર્યા વગર પોતાની પૂર્વપરિચિત પ્રિય ટેકરી પ્રતિ પ્રયાણ કર્યું. ત્યાં એકાંતમાં એક શીલાપટ પર બેસી તેઓ વિચાર કરવા લાગ્યા. "એક કુમળી વયની સુકુમાર કન્યકાનો કર પકડી હું તેને અહિં લાવ્યો છું. મને સમજાવવામાં આવે છે તેમ તેનો ભવ બગાડવો એ મહા પાપ હોય તો જંબુકુમારનો મોક્ષજ ન સંભવે. તીર્થંકર પદ પામેલા શ્રી નેમનાથ પ્રભુએ પણ તેમ કર્યાં નહોતું કર્યું ? મારા હૃદયમાં તેના પ્રત્યે દયા છે, લાગણી છે. મારા સંસાર ત્યાગથી તેને કેટલું મહાન કષ્ટ થશે એ બધું હું જાણું છું; પરંતુ એ એકજ વ્યક્તિની દયાને ખાતર અનંત પુણ્યોદયે મળેલો અને અનંત ભવના ફેરાથી મુક્ત કરાવવાને શક્તિવાન એવો આ મનુષ્ય જન્મ કે જે દેવોને પણ દુર્લભ છે તે મારે હારી જવો શું ? કામભોગના કીચડમાં તેને રગદોળી નષ્ટભ્રષ્ટ કરી નાખવો એ તો મેરૂ જેવડી ભૂલજ ગણાય. કુદરતીના પળવારનો પણ ભરોસો નથી, વળી આ યોવન તો ચાર દિવસનું ચાંદરડું છે, તે વીજળીના ચમકારાની પેઠે ક્ષણિક છે, ક્ષણવાર ચમકીને લુપ્ત થઈ જશે. એક પુલ પરથી વેગવતી ટ્રેનને પસાર થતાં વાર લાગતી નથી તેમ આ યુવાવસ્થાને જતાં વાર લાગવાની નથી. કાળની અનંતતાનો વિચાર કરતાં સો સો વર્ષનું આયુષ્ય પણ વિજળીના ચમકાર જેટલુંજ છે. એટલા અલ્પ સમયના આશા કે તેના ક્ષણિક સુખ દુઃખનો શા માટે વિચાર કરવો ? હાડ, ચામ, માંસ, અને રૂધિરના બનેલા આ ક્ષણભંગુર દેહ પરનો મોહ ભાવજ

ધરીશ, અને પ્રભુના જ્ઞાનાદિ [illegible]
બ્રહ્મચર્યની ઝગમગતી જ્યોતિમય [illegible]
કરી હું જગતમા બ્રહ્મચર્યના [illegible]
નાની પ્રચંડ અને ધગધગ[illegible]
રી ઈન્દ્રિયોને અને મારા મનને [illegible] થવા નહિ
સંરક્ષણ કરતાં દેહનો વિનાશ થતો હોય તો ભલે થાય
વિમ્ન નાસોવિ " એ વીરવાક્યમાં મને પૂર્ણ શ્રદ્ધા છે.
કોઈ પણ સ્રીનો સ્પર્શ સુદ્ધા નહિ કરૂ " પોતાના
પ્રભુની સાક્ષીએ શ્રીજીએ આ પ્રેમ[illegible] વિશુદ્ધ
આચરવાની ભીષણ [illegible] કરી [illegible] ઉત્સાહ
રાજ લુસ્સો પોતાના આત્મામા [illegible]
યુવાનીમા આવા વિચારો આવવા [illegible] પૂર્વ
પરિણામ છે.

જન જાગતી હોજે, અરે [illegible]
કીર્તિને કરશે. [illegible]
ને કરે અધા, [illegible]
હેરવે સધા. યુવાની [illegible] છ
કેરેન કેદી, [illegible] છેદી.
ગણુ છે લેદી. [illegible] છે.
ને વગગનતરી. [illegible] ભારી.
બુદ્ધિ ના સારી. [illegible] પીછાની છે.
સંસારના [illegible], યુવ[illegible] માન [illegible],
પણ ચાર દહાડાની. યુવાની [illegible]
શંકર જુદી કાયા, [illegible] આ
ની જુદી છાયા, જુદા આ [illegible] છે. "

અર્થ—જેમ બિલાડી રહેતી હોય ત્યાં ઉંદરને રહેવું તે ઠીક નથી તેમજ જ્યાં સ્ત્રીનો નિવાસ હોય ત્યાં બ્રહ્મચારીને રહેવું તે હિતકારી નથી.

શ્રી દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે:—

हत्थ पाय पडिच्छिन्नं । कन्न नास वि कप्पियं ॥
अवि वाससयं नारिं । बंभयारी विवज्जए ॥

અર્થ—જેના હાથ પગ છેદાયા છે, કાન અને નાક પણ કપાએલાં છે, વળી સો વર્ષની ડોશી થયેલી છે, એવી સ્ત્રીનો પણ બ્રહ્મચારીએ સંગ ન કરવો.

जहा कुक्कुड पोयस्स । निच्चं कुललओ भयं ॥
एवं खु बंभयारिस्स । इत्थी विग्गहो भयं ॥

અર્થ—જેમ કુકડાના બચ્ચાંને હમેશાં બિલાડીનો ભય રહે છે તેમ બ્રહ્મચારીને સ્ત્રીના શરીરથી ભય ઉપજે છે.

પવિત્ર જિનાગમમાં બ્રહ્મચર્યની શ્રી વીરપ્રભુએ બહુ બહુ પ્રશંસા કરી છે અને બ્રહ્મચર્યનો ભંગ કરવો તેના કરતાં મરવું સારૂં એમ સાધુઓને ઉદ્દેશીને કહ્યું છે. શ્રીજી પણ ગૃહસ્થના દેશમાં મંજુર હતા.

ક્રોધ અને વિષયલુબ્ધ મનુષ્યોએ આ દૃષ્ટાંત વાંચી વિચારવું જોઈએ, પશ્ચાત્તાપ કરવો જોઈએ અને પોતાના આત્માના હિતાર્થે આ મહાત્માની સચ્ચરિત્રનું અનુકર

ભલા ભક્તનાં પત્ર મૂકાવ્યાં, નેત્ર તજ્યાં મદમાં;
મોટા મોટા મુનિવર મોહ્યા, હરનાના હટકમાં. છે૦
દેહદુમ્બકનો શુદ્ધ કહ્યો છે, સત્ય કહું શાસ્ત્રમાં;
કહે 'શંકર' ધન્ય છે તે નરને, ભમે નહિ ભામામાં. છે૦

દીક્ષા લીધા પછી પણ શ્રીજીના ઉપદેશમાં બ્રહ્મચર્ય માટે હમેશ બહુ ભાર મૂકવામાં આવતો. બ્રહ્મચર્યના નિર્વાહાર્થે શિષ્યોના આહાર વિહાર તરફ પણ તેઓ બહુજ ધ્યાન આપતા અને તેથીજ ઢીલાપોચા સાધુ તેમના સમુદાયમાં ટકી શકતો નહિ.



"અલૌકિક મિષ્ટ રસવાળી, પીવા દે જ્ઞાનની પ્યાલી!
અહા! અજ્ઞાનને [illegible], પીવા દે જ્ઞાનની પ્યાલી!

[illegible] અહે! [illegible] અને [illegible];
[illegible] પીવા દે જ્ઞાનની પ્યાલી!

* * * *

[illegible]
[illegible] પીવા દે જ્ઞાનની પ્યાલી.
[illegible]
[illegible] પીવા દે જ્ઞાનની પ્યાલી.

([illegible]) અભિજ્ઞાન.

[illegible]

હકીકત જાણવામાં આવતાં તેઓ ફિકરમાં પડ્યા શેઠ
ઘેર આવી શ્રીજીનાં માતા ચંદકુંવરબાઇને ઉપાલંભ દેવા
"તમને છોટી વયકે અપને પુત્રકો ધર્મકા રંગ લગાયા ઇસ
નતીજા તુમ દેખ રહે હો!" મતલબ કે શ્રી લાલજીને ન
વયે ધર્મનો રંગ લગાડ્યો તેનુંજ આ પરિણામ છે, કે
નજરે જુઓ છો.

બીજે દિવસે નથુલાલજી ટોંકથી ગ્વાલા થઇ જયપુ
ખ્તરામ પહોંચ્યા ત્યાં પૂજ્યશ્રીને વંદના કરી બેઠા ત્યારે
